# મુંબઈમાં પુનઃ ભારે વરસાદ

## લોકલ રેલવે સેવાને પ્રતિકૂળ અસર : લાખો લોકો અટવાયા : દાદર જેવા નિચાણવાળા વિસ્તારોમાં વીજ પુરવઠો કપાયો

મુંબઈ,તા. ૨૩

દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં આજે ફરી એકવાર ભારે વરસાદ થતાં જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું હતું. નિચાણવાળા વિસ્તારો જળબંબાકાર થઈ ગયા હતા. આજે સવારથી જ ભારે વરસાદના કારણે ઘણી જગ્યાએ વીજ પુરવઠો પણ ખોરવાઈ ગયો હતો. ટ્રાફિક સિગ્નલો તુટી પડ્યા હતા. શહેરમાં ટ્રેન સેવાને પણ અસર થઈ હતી. પ્રાપ્ત અહેવાલ મુજબ હિન્દમાતા, પારેલ, દાદર, બાંદ્રા, સિયોન, કોલાબા, લાલબાગ, માટુંગા, માહિમ, કુરલા, અંધેરી, જોગેશ્વરી, મલાડ, ઘાટકોપર, ભાંડુપ સહિતના તમામ વિસ્તારોમાં આજે સવારથી જ ભારે વરસાદ થયો હતો. જેથી જનજીવન ખોરવાઈ ગયું હતું અને તમામ વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. છેલ્લા પાંચ દિવસથી મુંબઈમાં ભારે વરસાદ પડી રહ્યો છે, જેના પરિણામ સ્વરૂપે તમામ વિસ્તારોમાં પાણી ભરાતા લોકો અટવાઈ પડ્યા છે. ટ્રાફિકજામની સ્થિતિ પણ સર્જાઈ છે. દાદર અને બાંદ્રા જેવા નિચાણવાળા વિસ્તારમાં વીજ પુરવઠો ઠપ થઈ ગયો છે. મુંબઈ શહેરમાં ભારે વરસાદના પરિણામ સ્વરૂપે તમામ ત્રણેય ઉપનગરીય ટ્રેન સેવા અથવા તો મુંબઈની લાઈફ લાઈન ગણાતી મુંબઈની ટ્રેન સેવા ખોરવાઈ ગઈ હતી. સેન્ટ્રલ લાઈન ઉપર ટ્રેન સેવાને માઠીઅસર થઈ હતી. કારણકે, હાઈટેન્શન વાયર આજે સવારે દાદર ખાતે કપાઈ ગયા હતા. તાકીદે સમારકામ હાથ ધરવામાં આવ્યું હતું. ટ્રેનોની અવરજવરને



સામાન્ય બનાવવાના પ્રયાસો હાથ ધરાયા હતા. સેન્ટ્રલ લાઈન ઉપર કેટલીક ટ્રેનો અટવાઈ પડી હતી. જ્યારે ફાસ્ટ ટ્રેક ઉપર કેટલીક ટ્રેનો ડાયવર્ટ કરાઈ હતી. વેસ્ટર્નલાઈન ઉપર ટ્રેન ૧૫થી ૨૦ મિનિટ મોડી પડી હતી. જ્યારે હાર્બર લાઈન ઉપર ટ્રેનો પણ અડધાથી એક કલાક સુધી મોડેથી દોડી હતી જેથી લાખો લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. નિચાણવાળા વિસ્તારોમાં પાણીનો નિકાલ લાવવા માટે પંપનો ઉપયોગ કરાયો હતો. કેટલીક ફ્લાઈટોને પણ અસર થઈ હતી. લો-વિઝીબીલિટી અને બારે વરસાદના પરિણામ સ્વરૂપે સેવાને અસર થઈ હતી. સ્પાઈસજેટની મુંબઈથી બેંગ્લોર, વડોદરા ફ્લાઈટ, જેટ એરવેઝની નવી દિલ્હી-નાગપુર ફ્લાઈટ, ઈન્ડિગો અને ગોએયરની નાગપુર અને ચંદીગઢ ફ્લાઈટોને માઠીઅસર થઈ હતી. હવામાન વિભાગે મુંબઈમાં અતિ ભારે વરસાદની આગાહી કરી છે. જેથી તંત્ર બિલકુલ સાવધાન છે.મુંબઈ શહેરના બીએમસી દ્વારા જણાવાયું છે કે, તમામ વિસ્તારમાં ભારે વરસાદ થયો છે. મુંબઈ-પૂણે એક્સપ્રેસ હાઈવે ઉપર ભારે વરસાદના કારણે વાહન વ્યવહાર ખોરવાઈ ગયો છે. ખંડાલા નજીક ભેખડ ધસી પડતાં સત્તાવાળાઓને મુંબઈ-પૂણે રોડ મારફતે વાહન વ્યવહારને ડાયવર્ટ કરવાની ફરજ પડી છે.

મુંબઈમાં સિઝનલ વરસાદની શરૂઆત થઈ ચુકી છે. ગયા સપ્તાહમાં પશ્ચિમી દરિયાકાંઠા ઉપર દક્ષિણ પશ્ચિમ મોનસુનની એન્ટ્રી થઈ ચુકી છે. પુણે અને પશ્ચિમી મહારાષ્ટ્રમાં મોનસુન ફરીથી સક્રિય થવાના કારણે છેલ્લા ઘણા દિવસથી ભારે વરસાદ થઈ રહ્યો છે. બીજીબાજુ અરેબિયન દરિયામાં ડિપ્રેશનની સ્થિતિ સર્જાઈ રહી છે. એક મહિનામાં બીજીવખત આવી સ્થિતિ સર્જાઈ રહી છે. જેના કારણે પ્રચંડ પવન સાથે મહારાષ્ટ્રમાં ભારે વરસાદ પડવાની સ્થિતિ દેખાઈ રહી છે. હવામાન વિભાગે માછીમારોને પણ સ્પષ્ટ સૂચના આપી છે.

**કેશલેસ અર્થતંત્રની દિશામાં સરકારની કૂચ**

## ડેબિટ-ક્રેડિટ કાર્ડ પેમેન્ટ માટે ટેક્સ બ્રેકની તૈયારી

નવી દિલ્હી,તા. ૨૩

મોદી સરકારે કોઈપણ ચીજવસ્તુઓની ખરીદી માટે પેમેન્ટ કરવા ડેબીટ અને ક્રેડીટ કાર્ડનો ઉપયોગ કરનાર ગ્રાહકોને ઈન્કમટેક્સમાં રાહત આપવા ગંભીરતાપૂર્વક વિચારણા કરી રહી છે. કેશલેસ ઈકોનોમિની દીશામાં સરકાર આગળ વધી રહી છે. કરવેરા ટાળવાની પ્રક્રિયાને હળવી કરવા અને તેને દૂર કરવાની યોજના સરકાર તૈયાર કરી રહી છે. ડેબિટ અને ક્રેડિટકાર્ડ મારફતે પેમેન્ટ કરનાર લોકોને રાહત આપવા માટે એક મુસદ્દા દરખાસ્ત તૈયાર કરી લેવામાં આવી છે. વેપારીઓ માટે ટેક્સ રિબેટને લઈને ચર્ચા ચાલી રહી છે. આવનાર દિવસોમાં આ સંદર્ભમાં કોઈ અંતિમ નિર્ણય લેવાય તેવી શક્યતા દેખાઈ રહી છે. સરકાર ઈલેક્ટ્રોનિક ટ્રાન્ઝેક્શનનો માર્ગ મોકળો કરવા માટે મુસદ્દા દરખાસ્ત તૈયાર કરી ચુકી છે. સરકાર કરવેરાને લઈને જે તકલીફ છે તેને પણ હળવી કરવા માંગે છે.

પેટ્રોલ પંપ, ગેસ એજન્સી અને રેલવે ટીકીટ માટે કાર્ડ પેમેન્ટ માટે સરચાર્જ, સર્વિસ ચાર્જ અને ફીને દૂર કરવાની હિલચાલ પણ ચાલી રહી છે. મુસદ્દા દરખાસ્ત મુજબ કરવેરામાં લાભ, ઈલેક્ટ્રોનિક પેમેન્ટ સ્વિકારનાર કારોબારીઓને પણ આપવામાં આવશે. દાખલા તરીકે યોગ્ય ટેક્સ રીબેટને વેપારીઓ સુધી પણ લંબાવાશે. વેલ્યુએડીટ ટેક્સમાં પણ ફેરફાર કરવામાં આવી શકે છે. વ્યક્તિગતો માટે લેવડ-દેવડની પ્રક્રિયાને સરળ કરવાની યોજના છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા અને અન્ય સંબંધિત સંસ્થાઓ, બેંક, કાર્ડ સર્વિસ ઉપલબ્ધ કરાવનાર લોકો, મોબાઈલ સર્વિસ ઉપલબ્ધ કરાવનાર કંપનીઓ અને અન્ય જુદા-જુદા વિભાગો વચ્ચે વાતચીત બાદ આ દિશામાં સરકાર આગળ વધવા વિચારી રહી છે.

## જયલલિતાને ફટકો : નિર્દોષ છોડી મુકવા સામે સુપ્રીમ કોર્ટમાં અરજી

નવી દિલ્હી,તા. ૨૩

કર્ણાટક સરકારે અપ્રમાણ સંપત્તિ કેસમાં અન્નાદ્રમુકના નેતા જયલલિતા અને અન્ય ત્રણ લોકોને નિર્દોષ છોડી મુકવાના કર્ણાટક હાઈકોર્ટના આદેશને પડકાર ફેંકીને આજે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી દીધી હતી. જેથી જયલલિતાની સામે ફરી એકવાર મુશ્કેલી વધે તેવી શક્યતા છે. કર્ણાટક સરકારે કહ્યું છે કે જયલલિતાને નિર્દોષ છોડી મુકવાની બાબત બિલકુલ અયોગ્ય છે. કર્ણાટક હાઈકોર્ટનો ચુકાદો ગેરકાયદે પણ છે. કર્ણાટક સરકારે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરીને રજુઆત કરી છે કે, ૧૧મી મેના ચુકાદાના ઓપરેશન પર સ્ટે મુકવામાં આવે તે જરૂરી છે. વચગાળાની રાહત માટે રજુઆત સામે પણ પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટમાં આ કેસમાં દલીલ કરવા રાજ્ય સરકારના સ્પેશિયલ પબ્લિક પ્રોસીક્યુટર તરીકે રાજ્યના પૂર્વ એડવોકેટ જનરલ બીવી આચાર્ય રહેશે. કર્ણાટક હાઈકોર્ટે જયલલિતાની અપ્રમાણ સંપત્તિનો આંકડો ૨.૮૨ કરોડ જ ગણાવ્યો હતો. જ્યારે ટ્રાયલ કોર્ટ દ્વારા જયલલિતાની સંપત્તિ ૫૩.૬ કરોડ આંકવામાં આવી હતી. ગયા મહિનામાં જ કર્ણાટક હાઈકોર્ટે ૧૯ વર્ષ જુના ૬૬.૬૫ કરોડ રૂપિયાના અપ્રમાણ સંપત્તિ કેસમાં જયલલિતાને નિર્દોષ છોડી મુકવાનો આદેશ કર્યો હતો. સાથે સાથે જયા અને અન્ય ત્રણને દોષિત ઠેરવીને સજા ફટકારી દેવાના ટ્રાયલ કોર્ટના આદેશને ઉથલાવી દીધો હતો. કર્ણાટક હાઈકોર્ટે ૧૨મી મેના દિવસે ટ્રાયલ કોર્ટનો



આદેશ ઉથલાવી દીધો હતો. નિર્દોષ છુટ્યાના થોડાક દિવસ બાદ એટલે કે ૨૩મી મેના દિવસે જયલલિતાએ મુખ્યપ્રધાન તરીકેના ફરી શપથ લીધા હતા. સમગ્ર દેશને હચમચાવી મુકનાર અને તમિળનાડુની રાજનિતીમાં ભૂકંપ સર્જનાર અપ્રમાણ સંપત્તિ કેસમાં કર્ણાટક હાઈકોર્ટ દ્વારા નિર્દોષ છોડી મુકવામાં આવ્યા બાદ અન્નાદ્રમુકના નેતા જયલલિતા ફરીં પાર્ટીના નેતા તરીકે સર્વસંમતિથી ચૂંટાઈ આવ્યા હતા.અત્રે ઉલ્લેખનીય છે કે, કર્ણાટક હાઈકોર્ટની ખાસ બેંચે અપ્રમાણ સંપત્તિ કેસમાં ૧૧મી મેના દિવસે તમિળનાડુના પૂર્વ મુખ્યપ્રધાન અને અન્નાદ્રમુકના નેતા જયલલિતાને આવકના જાણીતા સાધનોની સામે અપ્રમાણ સંપત્તિ કેસમાં નિર્દોષ જાહેર કર્યા હતા. ટુંકી સુનાવણી દરમિયાન જ કોર્ટે તેનો ચુકાદો આપ્યો હતો. હાઈકોર્ટે તમિળનાડુના પૂર્વ મુખ્યપ્રધાન જે. જયલલિલાને આવરી લેતા ૬૬.૬૫ કરોડના ભ્રષ્ટાચારના કેસમાં તેનો ચુકાદો જાહેર કરતાની સાથે જ તેમના સમર્થકોમાં રાહતનુ મોજુ ફેલાઈ ગયું હતુ. કર્ણાટક હાઈકોર્ટે નીચલી કોર્ટના ચુકાદાને બિલકુલ બદલી નાંખ્યો હતો.કોર્ટે નીચીલી કોર્ટના ચુકાદાને ફગાવીને જયાને નિર્દોષ જાહેર કર્યા હતા. ગયા વર્ષે ૨૭મી સપ્ટેમ્બરના દિવસે બેંગલોરમાં ટ્રાયલ કોર્ટે જયલલિતા અને અન્ય ત્રણને અપરાધી ઠેરવ્યા હતા. કોર્ટે જયલલિતાને ચાર વર્ષની જેલની સજા અને ૧૦૦ કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. અન્ય ત્રણને પણ જેલની સજા ફટકારી હતી. જો કે જયા હવે મુશ્કેલ તબક્કામાંથી બહાર નિકળી ગયા છે.

## મેગી બાદ પેકેજડ દૂધ, પાણી પણ ચકાસણી હેઠળ : રિપોર્ટ

નવી દિલ્હી,તા. ૨૩

મેગી વિવાદના અનુસંધાનમાં માર્કેટમાં જુદી-જુદી પ્રોડક્ટ દ્વારા ધારાધોરણની ખાતરી કરવાના હેતુસર ફૂડ સેફટી સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એફએસએસએઆઈ) દ્વારા દેશભરમાં માર્કેટમાં ઉપલબ્ધ તમામ પ્રકારના પેકેજડ પ્રોડક્ટ ઉપર નજર રાખવા તમામ રાજ્યોના ફૂડ કમિશનરોને સૂચના આપી દેવામાં આવી છે. દૂધ, બોટલમાં ઉપલબ્ધ પાણી, ખાદ્ય તેલ ઉપર ચાંપતી નજર રાખવા માટે કહેવામાં આવ્યું છે. ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ ચકાસણી અને બાજ નજરને વધારી દેવા માટે તમામ ફૂડ સેફટી કમિશનરોને સૂચના આપી છે. આનો મતલબ એ થયો કે આવનાર દિવસોમાં પેકેજડમાં ઉપલબ્ધ પ્રોડક્ટ ઉપર તવાઈ આવી શકે છે. એફએસએસએઆઈ દ્વારા આ તમામ પ્રોડક્ટના વધારે સેમ્પલ એકત્રિત કરવા માટે પણ ફૂડ કમિશનરોને સૂચના આપી છે. સાથે-સાથે સર્વગ્રાહી ટેસ્ટિંગ માટે આ સેમ્પલને મોકલી દેવા માટે સૂચના આપવામાં આવી છે. અહેવાલમાં જણાવાયુંછે કે, આ આદેશો તાજેતરની બેઠકમાં સેફટી એન્ફોર્સમેન્ટ એજન્સીઓને આપવામાં આવી હતી. રાજ્યોના ખાદ્યાન વિભાગોને પણ વધુ તકેદારી રાખવા માટે કહેવામાં આવ્યું છે. પાંચમી જુનના દિવસે એફએસએસએઆઈએ ખૂબ જ લોકપ્રિય નેસ્લેના મેગી નુડલ્સ ઉપર પ્રતિબંધ મુકી દીધો હતો અને કહ્યું હતું કે, મેગી નુડલ્સ ખાવામાં નુકશાનકારક છે સુરક્ષિત નથી. કારણકે ટેસ્ટમાં મંજુર કરવામાં આવેલી મર્યાદા કરતા વધુ પ્રમાણમાં મોનોસોડિયમ ગ્લુટામેટનું પ્રમાણ અને લીડનું પ્રમાણ મળી આવ્યું હતું. નેસ્લે ઈન્ડિયાએ પણ મોડેથી માર્કેટમાંથી તેના ઈન્સટન્ટ નુડલ્સ બ્રાંડને ખેંચી લેવાનો આદેશ કર્યો હતો. મેગી વિવાદ બાદ એફએસએસએઆઈએ નુડલ્સ, પાસ્તાના ટેસ્ટિંગનો આદેશ કર્યો હતો. હજુ પણ આ વિવાદ શાંત થયો નથી.

## ભાજપની ઘરવાપસી કરીને જ ઝંપીશું : લાલુની જાહેરાત

પટણા,તા. ૨૩

બિહારના મુખ્યમંત્રી નિતિશકુમાર અને આરજેડી પ્રમુખ લાલુપ્રસાદ યાદવ આજે પ્રથમ વખત એક મંચ ઉપર દેખાયા હતા. આગામી વિધાનસભાની ચુંટણી માટે સેક્યુલર ફ્રંટની જાહેરાત કરવામાં આવ્યા બાદથી પ્રથમ વખત બન્ને એક મંચ પર દેખાયા હતા. બિહાર વિધાનસભાની ચુંટણીમાં ભાજપને કારમી હાર આપવાની ખાતરી પણ આ બન્નેએ આપી હતી. નિતિશકુમાર અને લાલુ યાદવ બિહાર વિધાનસભાની ચુંટણી માટે લાલુ અને નિતિશ એકસાથે આવી ચુક્યા છે અને ભાજપને પછડાટ આપવા રણનીતિ પણ તૈયાર કરી ચુક્યા છે. અગાઉ બે પ્રસંગોએ બન્ને નેતાઓ એકસાથે એક મંચ પર આવી શક્યા નહતા. કારણકે બન્ને પ્રસંગોએ નિતિશકુમાર છેલ્લી ઘડીએ ખસી ગયા હતા જેથી લાલુ યાદવ અને તેમની વચ્ચે ખેંચતાણ હોવાના અહેવાલો સપાટી પર આવ્યા હતા. નિતિશકુમારે ભાજપની ઝાટકણી કાઢતા કહ્યું હતું કે, ભાજપે દેશમાં જાતિ રાજનીતિની પ્રક્રિયા શરૂ કરી છે. ભાજપની નીતિ જાતિ ઉપર આધારીત રહી છે. ૧૬મી જુન ૨૦૧૩ના દિવસે ભાજપ સાથે જેડીયુએ સંબંધ તોડી દીધા હતા. તે વખતે ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે નરેન્દ્ર મોદીને જાહેર કરાયા હતા. કોઈ સમયે જેડીયુના ભાજપ સાથે ખૂબ સારા સંબંધો હતા. બિહારમાં એનડીએમાં રહીને નિતિશકુમાર સત્તામાં આવ્યા હતા. કુમારે કહ્યું હતું કે, બિહાર વિધાનસભાની ચુંટણીને લઈને તમામ તૈયારી કરવામાં આવી રહી છે. દરમિયાન આરજેડી પ્રમુખ લાલુ યાદવે નિતિશકુમાર સાથે હાથ મિલાવવાનો બચાવ કર્યો હતો અને કહ્યું હતું કે, તેઓ એક જ પરિવારમાંથી આવે છે. બડે ભાઈ અને છોટે ભાઈની વાત આ પ્રસંગે બન્ને નેતાઓએ કરી હતી. લાલુએ કહ્યું હતું કે, વિપક્ષના નેતા બનવામાં વિતેલા વર્ષોમાં નિતિશે મદદ કરી હતી. ૧૯૯૦માં મુખ્યમંત્રી પણ બન્યા હતા. આરજેડી વડાએ કહ્યું હતું કે, ચુંટણીમાં ભાજપની ઘરવાપસીનો માર્ગ મોકળો કરવા અમે એકત્રિત થયા છીએ. નિતિશકુમારના મુખ્યમંત્રી પદને લઈને લાલુ અગાઉ વાંધો ઉઠાવી ચુક્યા છે. પરંતુ આજે લાલુએ કહ્યું હતું કે, નિતિશકુમારના શાસનમાં સારું કામ થયું છે. પત્રકારો પણ આની કબુલાત કરી રહ્યા છે.

## ડોલરની માંગ વચ્ચે રૂપિયો ૬૩.૬૦ની સપાટીએ રહ્યો

મુંબઈ, તા. ૨૩

બેંકો અને આયાતકારો તરફથી ડોલરની નવેસરની માંગના પરિણામ સ્વરૂપે રૂપિયો આજે ૮ પૈસા ઘટીને ૬૩.૬૦ની સપાટીએ બંધ રહ્યો હતો. ૬૩.૬૦ની સપાટીએ રૂપિયો બંધ થતાં પહેલા આજે ૬૩.૫૫ અને ૬૩.૬૮ની રેન્જમાં રહ્યો હતો. ન્યુયોર્ક માર્કેટમાં અમેરિકી ડોલર સામે યુરો ગઈકાલે નબળી રીતે બંધ રહ્યો હતો. પરંતુ પાઉન્ડ અને જાપાની રેન્જ સામે ડોલર મજબુત રહ્યો હતો. આજે શેરબજારમાં તેજી રહી હોવા છતાં રૂપિયા ઉપર તેની વધુ અસર થઈ નહતી. રૂપિયો આજે ૬૩.૫૭ની સપાટીએ ખુલ્યો હતો. ગઈકાલે ઈન્ટરબેંક ફોરેન એક્સચેન્જ માર્કેટમાં રૂપિયો ૬૩.૫૨ની સપાટીએ બંધ રહ્યો હતો. વિદેશી ડોલરને લઈને ફરીવાર માંગ જોવા મળી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ઈરાનિયન ક્રૂડને લઈને ઉથલપાથલ થવાની શક્યતા દેખાઈ રહી છે.

## જર્મનીની યુનિમાં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા વધી

ચેન્નઈ,તા. ૨૩

ભારતીય વિદ્યાર્થીઓ માટે જર્મની હવે હોટ ફેવરીટ એજ્યુકેશન દેશ તરીકે ઉભરી રહ્યું છે. જર્મનીની યુનિવર્સિટીમાં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં ૧૧૪ ટકા સુધીનો નોંધપાત્ર વધારો થયો છે. ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં જર્મની અન્ય દેશો કરતા હવે ફેવરીટ બની રહ્યું છે. ૨૦૦૮ બાદથી જર્મનીમાં ઉચ્ચ શિક્ષણ સાથે સંબંધિત કોર્સ માટે પ્રવેશ મેળવી ચુકેલા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં ૧૧૪ ટકાનો વધારો થયો છે. જર્મન એકેડેમીક એક્સચેન્જ સર્વિસના ક્ષેત્રીય અધિકારીઓ દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે, દેશમાં પ્રવેશ મેળવી ચુકેલા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા ૨૦૦૮-૦૯માં ૩૫૧૬ હતી જે ૨૦૧૨-૧૩માં વધીને ૭૫૩૨ થઈ છે. અમેરિકા, બ્રિટેન ઓસ્ટ્રેલિયા અને કેનેડા ભારતીય વિદ્યાર્થીઓ માટે હોટફેવરીટ તરીકે રહ્યા છે. ભાષાની સમસ્યાના કારણે આ સ્થળો ફેવરીટ રહ્યા છે. પરંતુ જર્મનમાં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા હવે પાંચમાં નંબર પર પહોંચી ગઈ છે. અંગ્રેજીમાં જુદા-જુદા કોર્સ જર્મનીમાં શરૂ કરાયા છે. આ ઉપરાંત અભ્યાસની સ્પર્ધા બાદ નોકરી માટે વિદ્યાર્થીઓમાં જર્મનીમાં વધુ તક અપાઈ રહી છે. વિદ્યાર્થી વીઝાના નિયમો સરળ કરાયા છે. એન્જિનીયરીંગ કોર્સમાં પસંદગી કરનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૪૮ ટકા જેટલી છે. મેથેમેટીક્સ અને નેચરલ સાયન્સ કોર્સમાં રહેલા વિદ્યાર્થીઓની સંખ્યા ૧૯.૮ ટકા, ઈન્ફોર્મેશન ટેકનોલોજીમાં ૧૩.૮ ટકા અને લો, ઈકોનોમિક્સ અને સોશિયલ સાયન્સમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૯.૪ ટકા છે. ભારતીય વિદ્યાર્થીઓ જર્મનીમાં આ વિષયો ઉપર પસંદગી ઉતારી રહ્યા છે. જર્મનીમાં ચિત્ર ભારતીયો માટે ખૂબ જ ગુલાબી રહ્યું છે.

**લઠ્ઠાકાંડમાં ચીફ સેક્રેટરી તપાસ કરશે**

## મુખ્યમંત્રી ફડનવીસના રાજીનામાની ઉગ્ર માંગ

મુંબઈ,તા. ૨૩

મુંબઈમાં લઠ્ઠાકાંડના બનાવ બાદ હવે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસના રાજીનામાની માંગણી પણ ઉઠી રહી છે. નારાજ લોકો તેમના રાજીનામાની માંગ પણ કરવા લાગી ગયા છે. લઠ્ઠાકાંડના બનાવમાં મોટી સંખ્યામાં લોકોના મોત થયા બાદ મુખ્યમંત્રી પણ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે.



દરમિયાન મહારાષ્ટ્ર સરકારે તપાસનો આદેશ આપી દીધો છે. જેના ભાગરૂપે મુખ્ય સચિવ દ્વારા તપાસ કરવામાં આવશે અને મુખ્ય સચિવ ત્રણ મહિનાની અંદર અહેવાલ સોંપશે. એક્સાઈઝ પ્રધાન એકનાથ ખડસેએ કહ્યું છે કે, સાપ્તાહિક બેઠક બાદ એવો નિર્ણય લેવાયો છે કે ચીફ સેક્રેટરી આ મામલામાં તપાસ કરશે. સરકારે માલવાણી લઠ્ઠાકાંડ બનાવમાં માર્યા ગયેલા લોકોના મામલામાં તપાસ કરવા ચીફ સેક્રેટરીને કહેવામાં આવ્યું છે. ત્રણ મહિનાની અંદર અહેવાલ આપવા માટે કહેવામાં આવ્યું છે. ખડસેએ કહ્યું હતું કે, કેબિનેટે બુટલેગરો, ખતરનાક લોકો સામે એમપીડીએ હેઠળ કાર્યવાહી કરવા સૂચના આપી છે. આવી જ રીતે જમીન માફીયા સામે મકોકા હેઠળ કાર્યવાહી કરવામાં આવશે.

## ભારતને બાંગ્લાદેશ ૩-૦થી પરાજય આપવા માટે સજ્જ

મીરપુર,તા.૨૩

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે આવતીકાલે ત્રણ વનડે મેચોની શ્રેણીની ત્રીજી અને અંતિમ વનડે મેચ રમાનાર છે. પ્રથમ બન્ને વનડે મેચ જીતીને બાંગ્લાદેશ પહેલાથી જ ભારત સામે ૨-૦થી શ્રેણી જીતીને ઈતિહાસ રચી ચુક્યું છે. આવી સ્થિતીમાં અંતિમ મેચમાં ગુમાવેલી પ્રતિષ્ઠા કેટલાક અંશે મેળવી લેવા અને ટિકા ટિપ્પણીને શાંત કરવાની પણ ભારત પાસે છેલ્લી તક છે. તમામ ખેલાડીઓના ખરાબ ફોર્મ અને ડ્રેસિંગ રૂમમાં ખેલાડીઓ વચ્ચે ચાલી રહેલી ખેંચતાણનો લાભ લેવા માટે યજમાન ટીમ સંપૂર્ણ પણે સજ્જ છે. મીરપુર ખાતે પ્રથમ બે વનડે મેચમાં ભારત જેવી શક્તિશાળી ટીમ પર જીત મેળવી લીધા બાદ બાંગ્લાદેશ આ શ્રેણી જીતીને ઈતિહાસ રચી ચુક્યું છે. બાંગ્લાદેશ ત્રણ વનડે મેચોની શ્રેણીમાં ૨-૦ની લીડ ધરાવે છે. બન્ને વનડે મેચમાં બાગ્લાદેશે ઘરઆંગણે ભારતને બોલિંગ, ફિલ્ડિંગ અને બેટિંગમાં હાર આપી હતી. મુસ્તાફીઝુરે ભારતીય છાવણીમાં આંતક મચાવ્યો છે. હવે આવતીકાલની મેચમાં ભારતીય બેટ્સમેનો કેવી રમત રમે છે તેના પર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. ધોનીની પ્રતિષ્ઠા પણ દાવ પર લાગેલી છે. આ મેચને લઈને બન્ને ટીમો પોત પોતાની અંતિમ વ્યુહરચના તૈયાર કરી ચુકી છે.. ધોનીના નેતૃત્વમાં ભારતીય ટીમ હાલમાં હોટફેવરીટ દેખાઈ રહી છે. પરંતુ શરૂઆતની બન્ને મેચો જીતીને બાંગ્લાદેશે ભારત પર દબાણ વધારી દીધુ છે.આંકડા પર નજર કરવામાં આવે તો ભારતીય ટીમ ખુબ આગળ છે. આ બન્ને ટીમો વચ્ચે જે મેચો રમાઈ છે તે પૈકી ભારત ૨૫ મેચ જીત્યું છે. વર્ષ ૧૯૮૮ બાદથી તેમની વચ્ચે મેચો રમાઈ રહી છે. બાંગલાદેશ પાંચ મેચો જીત્યું છે. જ્યારે એક મેચનુ પરિણામ આવ્યું નથી. મેચને લઈને મજબુત સુરક્ષા વ્યવસ્થા પણ ગોઠવી દેવામાં આવી છે. બાંગલાદેશે હાલમાં ઘરઆંગણે પાકિસ્તાનને હાર આપી હતી. ભારતીય ટીમ ગયા વર્ષે પણ રમી હતી. જેમાં ભારતે રૈનાના નેતૃત્વમાં ૨-૦થી જીત મેળવી હતી.જો કે આ વખતે ભારતીય ટીમ ફ્લોપ સાબિત થઈ રહી છે. આવતીકાલની મેચમાં નવા રેકોર્ડ પર નજર રહેશે. જાણકાર લોકો કહી રહ્યા છે કે જો ભારતીય ટીમની પહેલા બેટિંગ આવશે તો જંગી સ્કોર જોવા મળી શકે છે. રોહિત શર્મા, શિખર ધવન અને વિરાટ કોહલી, સુરેશ રૈના અને ધોની પર નજર રહેશે.મોટા ભાગના ભારતીય ખેલાડી તેમની પ્રતિષ્ઠા મુજબ હજુ સુધી દેખાવ કરી શક્યા નથી. આવી સ્થિતીમાં જો ટીમ ભાવના સાથે રમશે તો બાંગલાદેશને સરળતાથી હાર આપી શકાય છે. બન્ને મેચમાં ફ્લોપ શો રહ્યા બાદ ભારતીય ટીમ લડાયક દેખાવ કરવા માટે તૈયાર છે. બન્ને ટીમો વચ્ચે રમાનારી મેચોને લઈને મજબુત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. સ્ટેડિયમથી લઈને ખેલાડીની હોટેલ સુધી અભૂતપૂર્વ સુરક્ષા ગોઠવી દેવામાં આવી છે.

કોઈ પણ ઘટનાને ટાળવા માટે ચાહકો માટે પણ કેટલીક શરતો રાખવામાં આવી છે. બાંગ્લાદેશ શ્રેણીમાં ૨-૦થી આગળ હોવાથી આ મેચ જોવા માટે મોટી સંખ્યામાં લોકો પહોંચે તેવી શક્યતા છે. મેચનુ પ્રસારણ દુરદર્શન અને અન્ય ચેનલમાં પણ કરવામાં આવનાર છે. ધોનીએ હાલમાં રાજીનામુ આપી દેવાની વાત કરીને એક નવી ચર્ચા છેડી દીધી છે.આ ચર્ચા હજુ જારી રહે તેવી શક્યતા છે.

**દોષિત હશે તો તોમર સામે પગલા**

## તોમર મામલે અંધારામાં રખાયા હતા : કેજરીવાલ

નવી દિલ્હી,તા. ૨૩

દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલ આજે બેકફુટ ઉપર દેખાયા હતા. બનાવટી ડિગ્રી કેસના સંદર્ભમાં દિલ્હીના પૂર્વ કાયદા પ્રધાન જીતેન્દ્રસિંહ તોમર સામે કરવામાં આવેલા આક્ષેપોને લઈને તેઓ



મુશ્કેલીમાં દેખાયા હતા. અરવિંદ કેજરીવાલે કહ્યું હતું કે, આ સમગ્ર મામલામાં તેમને અંધારમાં રાખવામાં આવ્યા હતા. તેમની પાસે આ અંગે કોઈ માહિતી નહતી. કેજરીવાલે દાવો કર્યો હતો કે, તેમના ખોટા દસ્તાવેજો બતાવવામાં આવ્યા હતા. દિલ્હી વિધાનસભાના બજેટ સત્ર દરમિયાન વિપક્ષ દ્વારા હલ્લાબોલો વચ્ચે મુખ્યમંત્રીએ મૌન તોડતા કહ્યું હતુ કે, મીડિયામાં જે કંઈપણ દસ્તાવેજો દર્શાવાયા છે તે સાચા છે તો તેમને જે દસ્તાવેજો દર્શાવાયા હતા તે ખોટા હતા. ખોટા દસ્તાવેજો તેમને દર્શાવવામાં આવ્યા હતા. જેના કારણે તેમને આ અંગે માહિતી નહતી. કેજરીવાલે એમપણ કહ્યું હતુંકે, જો તોમર દોષિત જાહેર થશે તો તેમને સજા કરવામાં આવશે. અમે કોઈપણ ખોટા કામને ચલાવી લઈશું નહીં. આને લઈને ચિંતા કરવાની જરૂર નથી. અમે તોમરના રાજીનામાને સ્વિકારી ચુક્યા છીએ.